# પ્રેસનોટ

અમદાવાદ શહેર માં આગામી તા.૦૨/૦૯/૨૦૧૯ થી તા.૧૨/૦૯/૨૦૧૯ સુધી ગણેશ ઉત્સવની ઉજવણી થનાર છે.

ગણેશ મૂર્તિની સ્થાપના માટે પરમીટ જે-તે પોલીસ સ્ટેશન તરફથી આપવામાં આવશે તેમજ સ્થાપનાની જગ્યાએ લાઉડ સ્પીકર વગાડવા માટેની પરમીટ પણ જે-તે પોલીસ સ્ટેશન તરફથી આપવામાં આવશે. ગણેશ વિસર્જન માટે શોભાયાત્રા/સરઘસ કાઢવા માટે સરઘસનો રૂટ જો એક જ ઝોન વિસ્તારમાં હોય તો., જે પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્થાપના થયેલ છે તે પો.સ્ટે તરફથી સરઘસ માટેની પરમીટ આપવામાં આવશે. જો સરઘસના રૂટનો સમાવેશ એક ઝોન કરતા વધારે વિસ્તારમાં થતો હોય તો સરઘસ અંગેની પરમીટ વિશેષ શાખા તરફથી આપવામાં આવશે. જે દિવસે અરજદાર તરફથી સ્થાપના અંગેની પરમીટ માટેની સ્થાનિક પો.સ્ટે.માં અરજી કરવામાં આવશે. તે જ દિવસે અરજદારે ગણેશ વિસર્જન માટે સરઘસ કાઢવા માટેની અરજી પણ ફરજીયાત આપવાની રહેશે.

ગણેશ સ્થાપના તથા વિસર્જનની પરમીટ મેળવવા આયોજકો જ્યારે પોલીસ સ્ટેશને જાય ત્યારે આયોજકોનું તથા ૧૫ થી ૨૦ વ્યક્તિ જે તે વિસ્તારના વર્ચસ્વ ધરાવતી વ્યકિતના નામ સરનામા આપવાના રહેશે તથા સરઘસનો રુટ અને સાબરમતી નદીના ઓવારાના તથા મ્યુનિ.કોર્પો. દ્વારા તૈયાર કરવામાં આવનાર પવિત્ર મૂર્તિ વિસર્જન કુંડ સ્થળના નામ આપવાના રહેશે.

પી.ઓ.પી. ની મુર્તિ નદી/તળાવમાં વિસર્જન કરવાથી પર્યાવરણને નુકશાન થાય છે.અને આ મુર્તિ ખંડિત અવસ્થામાં ઘણા સમય સુધી પડી રહેવાથી ધાર્મિક લાગણી પણ દુભાય છે. જેથી આપ સૌને પર્યાવરણની જાળવણી માટે સહભાગી બનવા, ગણેશજીની માટીની મુર્તિની સ્થાપના કરવા અને તે જ સ્થળે આ માટીની મુર્તિનું સ્થળ વિસર્જન કરવા માટે અપીલ છે.

(પ્રેમ વીર સિંહ)
અધિક પોલીસ કમિશ્નર
વિશેષ શાખા, અમદાવાદ શહેર